# મોવી ત્રણ રસ્તા પાસે રૂ.૩.૭૩ લાખથી વધુનો તમાકુનો જથ્થો ઝડપાયો



ભરૂચ: ભરૂચ SOGએ ટેમ્પોમાં બિલ-પુરાવા વિના રૂ.૩,૭૩,૬૦૦ની મત્તાનો તમાકુનો જથ્થો હેરાફેરી કરતા શખ્સને ઝડપી પાડ્યો હતો. SOGની ટીમે તમાકુ, ટેમ્પો તેમજ મોબાઇલ મળી કુલ રૂ.૪,૭૮,૬૦૦નો મુદ્દામાલ જપ્ત કરી ગુનો નોંધ્યો હતો. ભરૂચ SOGના PSI એ.વી. શિયાળીયા તેમજ PSI આર.એસ. ચાવડા સહિતની ટીમ નેત્રંગ-વાલિયા પંથકમાં પેટ્રોલિંગમાં હતી. એ વેળા મોવી ત્રણ રસ્તા પાસેથી પસાર થતાં સમયે એક ટેમ્પો શંકાસ્પદ રીતે જતો હોવાથી પોલીસે રોકી ચેક કરતાં તેમાંથી ૮૫૯૦ કિલોગ્રામ કિંમત રૂ.૩,૭૩,૬૦૦ની મત્તાનો તમાકુનો જથ્થો ભરેલો હતો. સઘન પૂછપરછમાં ડ્રાઈવર ઇસ્લામખાન મહરાખાન સક્કા (રહે., હમજાપુર, તા.ફિરોઝપુર, જિ-નુહુ મેવાડ, હરિયાણા) તમાકુ ખરીદીનાં બિલ, વાહનની આર.સી.બુક પુરાવા વિશે પૂછતાં સંતોષકારક જવાબ નહીં આપતાં મુદ્દામાલ કબજે કરી અટક કરી વધુ કાર્યવાહી SOG કરી રહી છે.

### એલસીબીને 6 ગુના શોધવામાં સફળતાં મળી

# જિલ્લામાં 6 સ્થળે મોબાઈલ ચોરનાર 7 આરોપી ઝડપાયાં

ભાસ્કરન્યૂઝ | ભરૂચ

ભરૂચ શહેર જિલ્લામાં અલગ અલગ 6 સ્થળે મોબાઈલ ચોરીના ગુના બન્યાં હતાં. જે અંગે જેતે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી. ભરૂચ એલસીબીના પીઆઈ ઉત્સવ બારોટે મોબાઈલ ચોરોના પગેરૂ મેળવવા માટે એલસીબીની ફિલ્ડ અને ટેક્નિકલ સેલની ટીમો બનાવી તપાસ શરૂ કરી હતી. જેમાં એલસીબી પીએસઆઈ જે. એન. ભરવાડ તમેજ પીએસઆઈ એમ. એમ. રાઠોડે હ્યુમન ઈન્ટેલિજન્સ તથા ટેક્નિકલ સર્વેલન્સના અધારે 6 આરોપીઓની ધરપકડ કરી હતી. તેમજ તેમની પાસેથી કુલ 1 લાખની મત્તાના 6 મોબાઈલ કબજે કરી ભરૂચ એ ડિવિઝન પોલીસ સ્ટેશનના 2, વાલિયા પોલીસ સ્ટેશનના 2 તેમજ ભરૂચ સી ડિવિઝન પોલીસ સ્ટેશન અને અંકલેશ્વર બી ડિવિઝન પોલીસ સ્ટેશનના 1-1 મળી કુલ 6 ગુનાઓ ડિટેક્ટ કર્યાં હતાં. ટીમે તમામ આરોપીઓને જે તે પોલીસ સ્ટેશનને સોંપતાં સ્થાનિક પોલીસે તપાસ શરૂ કરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્ય સરકારે ચોરી સહીતના ગુનાઓમાં ઈ-એફઆઈઆરની પધ્ધતિ અમલમાં મુકી છે. આ પધ્ધતિ હેઠળ નોંધાયેલી ફરિયાદોની તપાસનો ધમધમાટ ચાલી રહયો છે.

**DATE: 13/03/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### ફરવા જવાનું કહી પાનોલી સુધી પહોંચી ગયો હતો

# ગુમ થયેલાં બાળકનું પોલીસે પરિવાર સાથે મિલન કરાવ્યું

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરના પાનોલી પોલીસ સ્ટેશનના હે.કો. પંકેશભાઈ, નયનભાઈ,જીગ્નેશભાઈ અને અનિરુદ્ધસિંહની ટીમ પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન પાનોલીના બાકરોલ બ્રિજ પાસે એક બાળકને જોયો હતો. બાળકને રોકીને તેની પૂછપરછ કરતાં તે કઇ બોલતો ન હતો જેથી તેઓ પીએસઆઇ વાઢેરને જાણ કરી બાળકને પાનોલી પોલીસ સ્ટેશન ખાતે લઇ આવ્યાં હતાં.

વાયરલ ફોટોના સહારે ભરૂચના નવા-તવરા ગામ ખાતે રહેતા બાળકના માતા પિતાને પોલીસે શોધી કાઢ્યા હતા અને એનો સંપર્ક કરી પાનોલી પોલીસ મથકે બોલાવતા માતા-પિતા દોડી આવ્યા હતાં.

7 વર્ષીય રાહુલકુમાર ગોવીંદ રામ આત્મજ વેદરી હોવાનું સામે આવ્યું હતું. પિતા કામે ગયા હતા જ્યારે બાળકની માતાની માનસિક સ્થિતિ સારી ના હોવાથી બાળક ઘરમાંથી ફરવાના બહાને નીકળ્યા બાદ પાનોલી બાકરોલ બ્રિજ સુધી ફરતા ફરતા પહોંચી ગયો હતો. પરિવાર મજૂરીકામ કરે છે.

**DATE: 13/03/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### બે અસલી- બે ડુપ્લિકેટ સોનાના બિસ્કિટ સહિત 16.60 લાખનો મુદ્દામાલ જપ્ત

# અમદાવાદના શખ્સને સસ્તા સોનાની લાલચે 1.35 કરોડમાં ઠગનાર 4 ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ એસઓજી પીઆઇ એ. એ. ચૌધરીના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ એ. વી. શિયાળીયા તેમજ પીએસઆઇ આર. એસ. ચાવડા પેટ્રોલિંગમાં હતાં. તે વેળાં પીએસઆઇ શિયાળીયાને બાતમી મળી હતી કે, શેરપુરા વિસ્તારમાં એક કારમાં ચાર શખ્સો સોનાના બિસ્કિટ વેચવાના ઇરાદે આંટાફેરા મારી રહ્યાં છે. જેના પગલે તેમણે ઝમઝમ એપાર્ટમેન્ટ પાસે વોચ ગોઠવી કાર આવતાં તેને રોકી તેમની તલાશી લેતાં ઇબ્રાહિમશાહ શેખ તેમજ રઝાક સોઢા નામના બે શખ્સોના ખિસ્સામાંથી સોનાના કુલ ચાર બિસ્કિટ મળી આવતાં ટીમે તેમની પુછપરછ કરતાં તેમણે ગલ્લાંતલ્લાં કરતાં તેમની સામે 41(1) ડી હેઠળ બી ડિવિઝનમાં ગુનો નોંધાયો હતો. દરમિયાનમાં ટોળકીએ અમદાવાદમાં એક શખ્સને 1.38 કરોડનો ચુનો ચોપડ્યો હોવાનો ઘટસ્ફોટ થયો હતો. રઝાક અલાના સોઢાએ અમદાવાદના બાપુનગર ખાતે રહેતાં એક શખ્સને બજારભાવ કરતાં સસ્તામાં સોનું આપવાના બહાને વિશ્વાસમાં લઇ તેની પાસેનું સોનાનું બિસ્કીટ બતાવ્યા હતાં. તેમજ તેમણે જાતે જ ઉભી કરેલી આંગડિયા પેઢીમાં રૂપિયા જમા કરાવડાવ્યાં હતાં. થોડા કલાકમાં સોનુ ઘરે મળી જશે તેવી ખાત્રી આપી આંગડિયા પેઢી બંધ કરી તેઓ રફુચક્કર થઇ ગયાં હતાં. તેમણે શખ્સને 1.35 કરોડમાં 3 કિલો સોનુ આપવાની લાલચ આપી હતી. અન્ય આરોપીમાં અનવર પઠાણ અને હસન સમાનો સમાવેશ થાય છે.



ભરૂચ પોલીસના સ્પેશિયલ ઓપરેશન ગૃપે ઠગ ટોળકીના ચાર સાગરિતોને ઝડપી પાડયાં છે.

### ગઠિયાઓ બોગસ આંગડિયા પેઢી પણ ઉભી કરે છે

રૂપિયાની લેવડ-દેવડમાં ક્યાંય કોઇ એન્ટ્રી ન પડે તે માટે ટોળકી ખાસ ધ્યાન રાખતી હતી. જેના માટે તેઓ સોદો કરતાં પહેલાં જે તે વિસ્તારમાં જાતે જ આંગડિયા પેઢીની દુકાન ચાલુ કરતાં હતાં. જેથી તેમાં જ રૂપિયા આવ્યેથી તેઓ ત્યાંથી રફુચક્કર થઇ જતાં હતાં.

### મુંબઇના કેટલાંક શખ્સો ઠગ ટોળકીના ટાર્ગેટમાં હતાં

અમદાવાદના શખ્સની જેમ ટોળકીએ મુંબઇના કેટલાંક લોકોને સોનાના બિસ્કિટના ફોટા-વિડિયો મોકલ્યાં હોવાનું તેમને પણ શિકાર બનાવવાની પેરવીમાં હોવાનું તેમના મોબાઇલ ડિટેઇલથી માલુમ પડ્યું છે. ઠગવાનો કિસ્સો હજી સામે આવ્યો નથી. - એ. એ. ચૌધરી, પીઆઇ, એસઓજી.

### અસલી અને ડુપ્લિકેટ સોનાની ઓળખ કરાવતાં

સોનુ ખરીદનારને વિશ્વાસમાં લેવા માટે ભેજાબાજો અસલી અને નકલી બન્ને સોનાના બિસ્કિટ સાથે રાખતાં હતાં. ખરીદનારને તે બન્ને બિસ્કીટ બતાવી તેમના ફરજ પણ દર્શાવતાં હતાં. જેથીકિ ખરીદ કરનારનો તેમના પર પુરેપુરો વિશ્વાસ બેસી જતો હતો અને ટોળકીના હાથે છેતરાતાં હતાં.

### વડોદરામાં ઓફિસ માટે જગ્યા શોધી રહ્યાં હતાં

ઝડપાયેલાં આરોપીઓ કચ્છ-ભુજ તેમના વતનેથી હાલમાં જ વડોદરા તરફ આવ્યાં હતાં. તેમણે વડોદરામાં બે દિવસ સુધી ઓફિસ-આંગડિયા પેઢી માટે જગ્યા શોધી હતી. જે બાદ તેઓ ભરૂચમાં રહેતાં તેમના એક પરિચીતને ત્યાં આવ્યાં હોવાનું માલુમ પડ્યું છે. પોલીસ ભરૂચમાં પણ તપાસ ચલાવી રહી છે.

**DATE: 13/03/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

# જંબુસર શહેરમાં પોલીસનો દરોડો મદ્રેસા પાસે જુગાર રમતાં ચાર ઝડપાયાં, એક ફરાર

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

જંબુસર પોલીસની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે, શહેરની દારૂલ કુરાન મદ્રેશા પાસેના ખેતરમાં કેટલાંક શખ્સોએ જુગારની મહેફિલ જમાવી હતી. જેના પગલે ટીમે સ્થળ પર દરોડો પાડતાં બાવળની ઝાડીઓમાં ખુલ્લામાં જુગાર રમતાં ઈલ્યાસ ઉર્ફે ઈલ્લુ યાકુબ ઈરાહિમ, ઈસ્કુલ્લા યાસીન હસ્સુમિયા સૈયદ, અસદ ગની મીસરી તેમજ આસીફ યુસુફ ઘાંચી નામના ચાર શખ્સોને ઝડપી પાડ્યાં હતા. પોલીસની રેડ પડતાં થયેલી દોડધામમાં ખાલીદ હમીદ મલેક (રહે. તલાવપુરા, જંબુસર) ત્યાંથી પોલીસને ચકમો આપી ભાગી ગયો હતો. પોલીસે ઝડપાયેલાં આરોપીની અંગઝડતીમાંથી તેમજ દાવપર લાગેલાં કુલ રોકડા રૂપિયા 4600 જપ્ત કર્યાં હતાં. ઉપરાંત બે મોબાઈલ તથા એક બાઈક મળી કુલ 15 હજારથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. જંબુસર પોલીસે તમામ વિરૂદ્ધ જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ઝઘડિયા GIDCમાં ટેન્કરમાંથી કેમિકલ ચોરી કરતા ત્રણ ઝડપાયા




ભરૂચ, ઝઘડિયા: ઝઘડિયા GIDC પોલીસને ઝઘડિયા જીઆઇડીસી વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન બાતમી મળી હતી કે, જીઆઇડીસીમાં કેટલાક અલગ અલગ ટ્રાન્સપોર્ટના ટેન્કરના ડ્રાઇવરો સીલ તોડી વિવિધ પ્રકારના પ્રવાહી પ્લાસ્ટિકના કેરબામાં ભરે છે. પોલીસે તપાસ કરતા જીઆઇડીસીમાં આવેલ ઇવોનિક(હુબર) કંપની સામે આવેલી આરતી કંપનીના પાર્કિંગમાં ટેન્કરનું કંપનીનું સીલ તોડી તેમાંથી એક ટેમ્પોમાં રાખેલા પ્લાસ્ટિકનાં બેરલોમાં ભરીને ૮૩૦ કિલો જેટલું રૂ.૯૮૦૦૦ની કિંમતનું કેમિકલ સગેવગે કરતા ત્રણ ઇસમને ઝડપી લીધા હતા. પોલીસે આ ગુના અંતર્ગત અનિલ લાલચન્દ વર્મા (રહે.,ઉત્તરપ્રદેશ) તેમજ પ્રકાશ ભેરૂલાલ ખટીક અને જગદીશચંદ્ર ખટીક (બંને હાલ રહે., કીમ ચોકડી, જિ.સુરત, મૂળ રહે.,રાજસ્થાન) હોવાથી ટેન્કરો અને ટેમ્પો સહિત કુલ રૂ.૫૮,૭૯,૦૧૦ના મુદ્દામાલ સાથે ઝડપી લીધા હતા. જ્યારે અન્ય એક ટેન્કરચાલકને વોન્ટેડ જાહેર કર્યો હતો. આ કેમિકલ ગાંધીધામ કંડલા ખાતેથી ટેન્કરમાં ભરીને ઝઘડિયા જીઆઇડીસીની લેન્સેક્ષ ઇન્ડિયા નામની કંપનીમાં ખાલી કરવા લાવવામાં આવ્યું હતું. ઝઘડિયા જીઆઇડીસી પોલીસે પેટ્રોલિંગ દરમિયાન આ કેમિકલ ચોરીનું કૌભાંડ ઝડપી પાડ્યું હતું.

**DATE: 14/03/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE–08**

# આમોદના આછોદ ગામની સીમમાંથી ગૌવંશનું કતલ કરતા ૩ ઈસમો ઝડપાયા

। જંબુસર ।

આમોદ તાલુકાના આછોદ ગામની સીમમાંથી પોલીસે ગૌવંશનું કતલ કરતા ત્રણ ઈસમોને દબોચી લઈ ગૌમાંસ સહિત ૪.૮૭ લાખનો મુદ્દામાલ કબ્જે કરી તેઓની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

આમોદ પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર આમોદ પોલીસને બાતમી મળી હતી કે ખુવાથી આછોદ ગામ તરફ ડાબી બાજુ મરઘા ફાર્મ પાસે ગૌવંશનું કતલ કરવામાં આવી રહ્યું છે. જે બાતમીના આધારે આમોદ પોલીસે બાતમી વાળી જગ્યા ઉપર રેડ કરી તપાસ કરતા પોલ્ટ્રીફાર્મ પાસે આશરે ૪ ફૂટ ઊંચા કપાસના ખેતર પાસે ઉભેલ ટ્રેક્ટર નંબર જીજે ૧૬ સીક્યુ ૪૭૪૦ ની બોગીમાં એક જીવીત વાછરડું મળી આવ્યું હતું. જ્યારે નજીકમાં પ્લાસ્ટીકના પાથરણામાં ગૌવંશના નાના વાછરડાના તાજા કતલ કરેલ અંગો મળી આવ્યા હતા. પોલીસે ઘટના સ્થળ પરથી ૧૦૦ કિલો ગૌમાંસ અને પાંચ છરા તેમજ ચપ્પુ સહીત ટ્રેક્ટરની બોગી મળી કુલ ૪.૮૭ લાખનો મુદ્દામાલ કબ્જે કરી ગૌવંશનું કતલ કરતા આછોદ ગામની ઘોરી ખડકીમાં રહેતો (૧) સેહુલ ઈબ્રાહીમ મહમદ ઘોરી (૨) મોહમદ અલી આદમ ડાંડા (૩) અલી આદમ વલી ડાંડાને ઝડપી પાડ્યો હતો. જ્યારે ટ્રેક્ટરની બોગીના માલિક યુસુફ ઈબ્રાહીમ ઘોરીને પોલીસે વોન્ટેડ જાહેર કર્યો હતો.

**DATE: 14/03/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### નવસારીમાં રહેતો અને મૂળ રાજસ્થાની ગોડાઉન માલિક ફરાર હતો

# પાનોલી એસિડ ચોરી પ્રકરણમાં મુખ્ય સૂત્રધાર 11 મહિને ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર તાલુકા પોલીસ મથકે વોન્ટેડ ચોર ને એસ.ઓ.જી પોલીસે તાપી લોજ પાસે થી ઝડપી પાડ્યો હતો. 2022 માં થયેલ 41.23 લાખ રૂપિયા ની કેમિકલ ચોરી માં હાલ નવસારી ખાતે રહેતા અને મૂળ રાજસ્થાનના નો ગોડાઉન સંચાલક ની પોલીસે ધરપકડ કરી હતી.

ગત 12 એપ્રિલ 2022 ના રોજ અંકલેશ્વર પાનોલી નેશનલ હાઈવે નંબર 48 ઉપર આવેલ પેટ્રોલ પંપ પાસે લક્ષ્મી વજન કાંટા ની બાજુમાં પતરાના શેડ માં ટેન્કરમાંથી ફેટ્ટી એસિડ ચોરીનું કૌભાંડ ઝડપાયું હતું. પોલીસે ટેન્કરમાંથી ફેટ્ટી એસિડ ની ચોરી કરીને પતરાના ડબ્બામાં એસિડ ભરતા રાજસ્થાન ના હેરા રામ લખીમાં રામ ચૌધરી તેમજ મૂળ રાજસ્થાનના અને હાલ લક્ષ્મી વજન કાંટા ખાતે રહેતા જીતેન્દ્ર પ્રજાપતિને ઝડપી લીધા હતાં. જ્યારે આ ફેટ્ટી એસિડ ચોરીની ઘટનાને અંજામ આપનાર મુખ્ય સૂત્રધાર દિનેશ પુરોહિત ને વોન્ટેડ જાહેર કર્યો હતો. છેલ્લા 11 મહિના થી તાલુકા પોલીસ મથકે વોન્ટેડ એવા નવસારી ખાતે રહેતા અને મૂળ રાજસ્થાનના દિનેશ પ્રકાશ પુરોહિત તાપી લોજ પાસે હોવાની ચોક્કસ માહિતી એસઓજીની ટીમને મળતાં ટીમે તેને ઝડપી પાડયો છે.

**DATE: 15/03/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–07**

# અસુરિયા પાટિયા પાસે ટ્રકમાં લઈ જવાતો રૂ.૪૫.૧૨ લાખનો દારૂ ઝડપાયો



ભરૂચ: ભરૂચના ૭૦ કિલોમીટર લાંબા NH-૪૮ પરથી દારૂની મોટી માત્રામાં થતી હેરફેર ઝડપી પાડવા LCBએ ગોઠવેલી વોચમાં અસુરિયા પાટિયા પાસેથી ટ્રકમાંથી રૂ.૪૫.૧૨ લાખનો દારૂ પકડી પાડ્યો હતો.ભરૂચના હાઇવે પર LCB વોચમાં હતી. ત્યારે નબીપુર હાઇવે ઉપર અસુરિયા પાટિયા પાસે MH-૧૮, BA-૫૩૫૪ નંબરની આઇસર ટ્રક સુરત તરફથી આવતાં તેને અટકાવાઈ હતી. ટ્રક ઉપર લગાવેલી લીલી તાડપત્રી હટાવી ફાડકા ખોલતાં પૂઠ્ઠાના પેલેટ નજરે પડ્યા હતા. જે પેલેટ ઉપર પ્લાસ્ટિક વડે ટેપિંગ કરી નીચે છુપાવેલી દારૂની પેટીઓ મળી આવી હતી. LCBએ રૂ.૪૫.૧૨ લાખનો દારૂ, ટ્રક, મોબાઈલ, રોકડા મળી રૂ.૪૮.૧૨ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. MPના ઇન્દોરના ટ્રકચાલક અંતરસિંહ લક્ષ્મણસિંહ ભાભરની ધરપકડ કરી ઇન્દોર દાદા નામના આરોપીને વોન્ટેડ જાહેર કર્યો હતો. મહારાષ્ટ્રથી દારૂની પેટીઓ ભરી વડોદરા તરફ કોને મોકલવાનો હતો એ અંગે વધુ તપાસ હાથ ધરાઈ છે.

**DATE: 15/03/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

# એસઓજીએ ચોરીની બાઈક સાથે બેને પકડ્યાં

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ એસઓજીના હે.કો ધર્મેન્દ્રને ચોક્કસ બાતમી મળી હતી કે, મનુબર ચોકડી પાસે ચોરીની બાઈક સાથે બે શખ્સ ફરે છે. જેથી તેમણે ટીમ સાથે સ્થળ પર જઈ બન્નેને ઝડપી પાડતાં તેમના નામ એજાજ મોહમદ ઈબ્રાહિમ પટેલ રહે. મોહમદી પાર્ક તેમજ સાજીદ ઈબ્રાહિમ પટેલ રહે. મનુબર હોવાનું માલુમ પડ્યું હતું. ટીમે પોકેટ કોર્પ મોબાઈલથ તપાસ કરતાં તેમની પાસેની બાઈકના માલિક રફિઉલમહેદી રહે. આલીપાંજરાપોર હોવાનું જણાયું હતું જેના પગલે તેમની સામે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.



**DATE: 16/03/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–07**



# શણકોઈ પાટિયા પાસે 16 પશુને ટ્રકમાં ભરી કતલખાને લઈ જવાતાં બચાવાયાં

**4.60 લાખનો મુદ્દામાલ કબજે, બે ઈસમની અટકાયત**

નેત્રંગ: નેત્રંગ પોલીસમથકના નવનિયુક્ત પોલીસ ઈન્સ્પેક્ટર કે.એન.વાઘેલા અને સ્ટાફ નાઈટ પેટ્રોલિંગમાં હતો. દરમિયાન બાતમી મળી હતી કે, અંકલેશ્વર તરફથી ટ્રક નં.(જી.જે.૧૫.એ.ટી.૪૨૧૬) માં ગેરકાયદે કતલના ઈરાદે પશુઓ ભરી બે ઈસમ નેત્રંગ-દેડિયાપાડા માર્ગ ઉપરથી પસાર થવાના છે. આ બાતમીના આધારે પોલીસે શણકોઈ ગામના પાટિયા પાસે વોચ ગોઠવી હતી. દરમિયાન બાતમીવાળી ટ્રક આવતાં પોલીસે તેને અટકાવી તપાસ કરતાં તાડપત્રી અને લાકડાંનાં પાટિયાં ખોલી જોતાં તેમાંથી ૧૬ ભેંસ મળી આવી હતી. પોલીસે તમામ પશુઓને મુક્ત કર્યાં હતા અને ભરૂચની લૂકમાન પાર્ક સોસાયટીમાં રહેતા ટ્રકચાલક જીસાન દાઉદ ઈસ્માઈલ મન્મુ અને ક્લીનર હમઝહ અબ્દુલ ઈબ્રાહીમ પટેલની અટકાયત કરી હતી. જ્યારે પશુ ભરી આપનાર ભરૂચની નર્મદા ચોકડી સબર હોટલ પાસે રહેતા બલ્લુ હાજી અને ટ્રકમાલિક આરીફ કાસમ મન્સૂરીને વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ હાથ ધરી છે.

**DATE: 16/03/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–07**

# બુટલેગર પાસેથી હપ્તા વસૂલી મામલે ભરૂચ જિલ્લા ભાજપના નેતા સહિત બેની ધરપકડ

**તોડબાજો** પત્રકાર તરીકે ઓળખ આપી રાજનીતિનો લાભ લઈ રોકડી કરતા હતા



ભરૂચ: ભરૂચ જિલ્લા ભાજપ લઘુમતી મોરચાના મહામંત્રી જાવીદ મલેક સહિત બે આરોપીની આમોદ પોલીસ સ્ટેશનમાં 3 વર્ષ પહેલાના ખંડણી, આબરૂ લેવાનો પ્રયાસ તેમજ એટ્રોસિટી અંગે નોંધાયેલી ફરિયાદમાં ધરપકડ કરાઈ હતી.

આમોદના એક ગામે રહેતી આદિવાસી મહિલાના ઘરે નવેમ્બર-2019માં આછોદનો અકબર બેલીમ તથા આમોદનો જાવીદ મલેક ગયા હતા. જ્યાં મહિલાને આ બંનેએ પત્રકાર તરીકેની ઓળખ આપી હતી અને મહિલા દારૂ વેચતી હોય હપ્તો માંગ્યો હતો. તો મહિલાએ બંનેને કહ્યું હતું કે, તેણે દારૂનો ધંધો બંધ કરી દીધો છે અને હમણાં મારા પતિ દેરોલ ગામે ગયો હોવાથી તેઓ આવે પછી તમે આવજો. તેમ કહેતાં આ બંને પત્રકારોએ હમણા જ અમને હપ્તાના રૂપિયા આપી દે. નહીં તો તારા ઘરમાં દારૂ છે તેવો વિડીયો ઉતારીશું તેમ કહી બંનેએ ઉશ્કેરાઈ જઈ ગાળો બોલવા સાથે જાતિવિષયક અપશબ્દો કહી મહિલા સાથે ઝપાઝપી કરી હતી. જેમાં મહિલાના કપડાં ફાટી ગયાં હતાં. આથી મહિલાએ બૂમાબૂમ કરતાં બંને વહુઓ તથા ફળિયાની મહિલાઓ તેમજ અન્ય લોકો દોડી આવ્યા હતા. જેથી જતાં-જતાં બંને આરોપીએ મહિલાને 'આજે તો તું બચી ગઈ છે, બજારમાં ક્યાંક દેખાશે તો મારી નાંખીશું' એવી ધમકી આપી હતી. આ ઘટના અંગે બુટલેગર મહિલાએ આમોદ પોલીસમથકે 18 નવેમ્બર-2019ના રોજ ફરિયાદ નોંધાવી હતી. જો કે, બંને આરોપીઓ હાઈકોર્ટમાંથી તારીખો મેળવી ધરપકડથી બચતા રહેતા હતા. અંતે આ કેસમાં આમોદ પોલીસે બંનેની ધરપકડ કરી હતી.

DATE: 16/03/2023 CATEGORY: GREEN
E-PAPER GUJARATMITRA PAGE–07

# અંકલેશ્વરમાં ખોટા પુરાવા રજૂ કરી સ્ટેમ્પ વેન્ડરનું લાઇસન્સ મેળવનાર મહિલાના પતિની પણ ધરપકડ

ભરૂચ: અંકલેશ્વર ખાતે ખોટા પુરાવા રજૂ કરી સ્ટેપ વેન્ડરનું લાઇસન્સ મેળવ્યા બાદ નોન જ્યુડિશિયલ સ્ટેમ્પનું ગેરકાયદે વેચાણ કરનાર એક મહિલાની બી-ડિવિઝન પોલીસે ધરપકડ કરી હતી. ત્યારબાદ પતિની પણ ધરપકડ કરાઈ છે. અંકલેશ્વર GIDC વિસ્તારમાં આવેલી ગાર્ડન સિટીની રહેવાસી મહિલા ચેતના પ્રવીણસિંહ સોલંકીએ સ્ટેમ્પ વેન્ડરનું લાઇસન્સ મેળવવા અરજી કરી હતી, જેમાં પુરાવાઓમાં રજૂ કરેલું ધોરણ-10 પાસનું ખોટું સર્ટિ. બનાવ્યું હોવા છતાં સાચા સર્ટિ. તરીકે સત્તાધિકારીને રજૂ કર્યું હતું. એટલું જ નહીં ખોટી રીતે સરકારને ગેરમાર્ગે દોરી સરકાર સાથે છેતરપિંડી કરી સ્ટેમ્પવેન્ડરનું લાઇસન્સ મેળવી નોન જ્યુડિશિયલ સ્ટેમ્પનું ગેરકાયદે વેચાણ પણ કર્યું હતું. ત્યારે આ મામલે અંકલેશ્વર બી-ડિવિઝન પોલીસે ગુનો નોંધી મહિલા સ્ટેમ્પ વેન્ડરની ધરપકડ કરી હતી. ત્યારબાદ આ ગુનામાં સંડોવાયેલી મહિલા આરોપીના પતિ સત્યન વ્યાસની પણ ધરપકડ કરી કાર્યવાહી કરાઈ છે.

**DATE: 16/03/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYBHASKAR PAGE–04**

### બિનવારસી કારમાંથી દારૂની 825 બોટલો મળી

# ભરૂચ એલસીબીએ છાપરા ગામેથી દારૂ ઝડપી પાડયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

ભરૂચ એલસીબી પોલીસે છાપરાના પટેલ ફળીયા કોમન પ્લોટ માં દારૂ ભરેલી કાર ઝડપી પાડી હતી. પોલીસે 96 હજાર રૂપિયા ની કિંમત ની 825 બોટલ જપ્ત કરી અલ્ટો કાર સાથે 2.96 લાખ રૂપિયા નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

અંકલેશ્વર તાલુકા ના છાપરા ગામ ખાતે બુટેલગર વિગ્નેશ વસાવા દારૂ મગાવી વેચાણ કરી રહ્યો હોવાની ચોક્કસ માહિતી એલસીબીને મળી હતી. છાપરા ગામ ના પટેલ ફળીયા નજીક ખુલ્લા પ્લોટ માંપાર્ક કરેલ અલ્ટો કારની તલાશી લીધી હતી. જેમાંથી દારૂ ની નાની-મોટી બોટલ 825 નંગ મળી આવી હતી. કારને બિનવારસી હાલતમાં મૂકી ફરાર થઇ જનાર બુટલગેર વિગ્નેશ વસાવા ને પોલીસે વોન્ટેડ જાહેર કર્યો હતો. પોલીસે સ્થળ પર થી 2 લાખ રૂપિયાની કિંમતની કાર અને 96 હજાર ઉપરાંત ની કિંમતનો દારૂ મળી કુલ 2.96 લાખ રૂપિયા ઉપરાંત નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

**DATE: 17/03/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

# અંદાડા ગામેથી મહિલા બૂટલેગર ઝડપાઈ

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર શહેર બી ડિવિઝન પોલીસે અંદાડાના મોટા ફળીયામાં રહેતી મહિલા બુટલેગર જ્યોતિ પટેલના ઘરે દરોડા પાડ્યા હતાં. તેની પાસેથી દારૂ તથા બિયરના ટીમ મળી આવ્યાં હતાં. પોલીસે કુલ 16 હજાર રૂપિયાનો મુદ્દામાલ કબજે કરી મહિલા બુટલેગરની ધરપકડ કરી છે. તે દારૂનો જથ્થો કોની પાસેથી લાવી હતી તેની તપાસ ચાલુ કરવામાં આવી છે. અંકલેશ્વર પોલીસ પ્રોહિબીશનના કેસો કરી રહી હોવાથી બુટલેગરોમાં ફફડાટ છે.

**DATE: 18/03/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–05**

# અંકલેશ્વરના યોગી એસ્ટેટ નજીક દારૂ ભરેલી કાર સાથે 2 બુટલેગર ઝડપાયા

અંકલેશ્વર: અંકલેશ્વર જીઆઇડીસી પોલીસમથકનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. દરમિયાન પોલીસને બાતમી મળી હતી કે, નંબર પ્લેટ વિનાની ઇક્કો કાર લઇ યોગી એસ્ટેટના મેઇન ગેટ પાસે વિદેશી દારૂનો જથ્થો વેચાણ કરવા 2 ઇસમ આવનાર છે. બાતમીના આધારે જીઆઇડીસી પોલીસે યોગી એસ્ટેટના મેઇન ગેટ નજીક વોચ ગોઠવી હતી. દરમિયાન કેમાતુર ચોકડી તરફથી બાતમીવાળી ઇકો કાર આવતાં પોલીસે તેને અટકાવી તેમાં તલાશી લેતાં વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. આથી પોલીસે મુદ્દામાલ જપ્ત કરી નવા દીવા ગામના સ્કૂલ ફળિયામાં રહેતા 2 બુટલેગરની ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 19/03/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### ગામના યુવાને ઘરમાં ઘૂસી જઇ બળજબરી કરી હતી

# ઝઘડિયામાં સગીરા સાથે દુષ્કર્મ અભયમની મદદથી ફરિયાદ

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ઝઘડિયા તાલુકાના એક ગામમાંથી 181 મહિલા હેલ્પ લાઇનમાં કોલ કરી જણાવેલ કે તેમની 13 વર્ષ ની દીકરી સાથે ગામમાં રહેતા યુવક એ જબરજસ્તી દુષ્કર્મ કરેલ છે. આ કિસ્સામાં મદદરૂપ બનવા અપીલ કરતા ભરૂચથી અભયમ રેસ્કયુ ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી સગીરા અને તેના માતા પિતા સાથે માહિતી મેળવી હતી ગુનાની ગંભીરતા હોઈ યુવક વિરૂધ્ધ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ કરવામા આવી હતી . દીકરીની માતાની સારવાર માટે પિતા સાથે ગયેલા ત્યારે સગીરા ઘરમાં એકલી હતી જે તકનો લાભ લઈ ફળિયાનો યુવક ઘરમાં ઘુસી ગયો હતો

અને સગીરા સાથે દુષ્કર્મ કર્યું હતું. દુષ્કર્મ બાદ જો કોઈ જણાવશે તો તેના ભાઈ ને મારી નાખવાની ધમકી આપી હતી જેથી સગીરા ડરના માર્યા કોઈને આ ઘટના ની જાણ કરી હતી. ગત રોજ સગીરા શાળાએ જઈ રહી હતી ત્યારે પણ યુવાને તેની છેડતી કરી હતી. આરોપી યુવાન સામે ફરિયાદ નોંધાતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### એન્ટીલા સિરામિક કંપનીમાંથી પોલીસના હાથ લાગ્યો

# ઉટિયાદરા ટ્રિપલ મર્ડર કેસમાં એક આરોપી મોરબીથી ઝબ્બે

ભાસ્કરન્યૂઝ।અંકલેશ્વર

અંકલેશ્વર ના ઉટીયાદરાગામ ખાતે થયેલ ટ્રિપલ મર્ડર અને લૂંટ નો વધુ એક આરોપી ઝડપાયો હતો. મોરબી એલસીબી પોલીસની મદદથી એન્ટીલા સિરામિક કંપની માંથીઝડપીપાડ્યો હતો. અંકલેશ્વર તાલુકા પોલીસ ને જાણ કરતા ટ્રાન્સફર વોરન્ટ પર લઈ આવી પૂછપરછ શરુ કરી હતી.

બનાવની વિગતો અનુસાર અંકલેશ્વર તાલુકાનાઉટીયાદરાગા મ ખાતે ગત 18 મી સપ્ટેમ્બર 2019ના રોજ બંધ પડેલ પી.જી ગ્લાસ માં 30 થી વધુ ટોળા એ હુમલો કરી કંપની ના 3 ગાર્ડ ની હત્યા કરી લૂંટ ચલાવી હતી. જે લૂંટ અગાવ પોલીસ દ્વારા 6 થી વધુ આરોપીઓને ઝડપી પાડ્યા હતા.

પેરોલ પર છૂટ્યા બાદ પોલીસ નેચેલેન્જ આપતી રીલ બનાવનાર આરોપીને પોલીસે ઝડપી પાડી ચેલેન્જ પુરી કરી હતી. જે ગુનામાંવોન્ટેડ કરણ ઉર્ફે કરણિયોકાવીથીયા ને મોરબી એલસીબી અને પેરોલ ફર્લો સ્કોર્ડએ એન્ટીલા સિરામિક કંપની માંથીઝડપીપાડ્યો હતો અને અંકલેશ્વર તાલુકા પોલીસ મથકે જાણ કરતા પોલીસ ટ્રાન્સફર વોરંટ મેળવી પૂછપરછ આરંભી હતી.

### આમોદ તાલુકાના નિણમ ગામે ખેતરમાંથી પાઇપ ચોરી માં ફરિયાદ

# ટપક પદ્ધતિના 66 હજારના ચોરીના પાઈપ ભરેલી પિકઅપ વાન ઝડપાઈ

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

આમોદના નિણમ ગામે ખેતરમાંથી ચોરી થયેલાં 66 હજારના ટપક પદ્ધતિના પાઈપ સાથે આમોદ પોલીસે એક શખ્સને ઝડપી પાડ્યો હતો. બનાવ સંદર્ભે ટીમે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

આમોદના નિણમ ગામે મહાદેવ ફળિયામાં રહેતાં સુરેશ બીજલ તડવી ગામમાં આવેલી રમેશચંદ્ર ઉર્ફે રમેશ ભીમજી કાલરીયાની જમીન ભાડે રાખી ખેડે છે. દરમિયાનમાં તેમણે જમીનમાં નિણમથી ધમણાદ ગામ જવાના રોડની સાઈડમાં આવેલાં કુવાની બાજુમાં તેમણે કાળા કલરની ટપક પદ્ધતિની નળીઓના 33 બંડલ બે મહિનાથી મુકેલાં હતાં. ગઈકાલે સાંજે પણ તે તેમણે સ્થળ પર પડેલાં બંડલ જોયાં હતાં. દરમિયાનમાં બીજા દિવસે સવારે તેઓ નિયમીત રીતે ખેતરમાં જતાં તેમના ટપક પદ્ધતીની નળીઓના બંડલો ત્યાં દેખાયાં ન હતાં. તેમણે આસપાસના ખેતરોમાં તપાસ કરવા છતાં તેમના ચોરાયેલાં પાઈપ અંગે કોઇ જાણ થઇ ન હતી. આખરે તેઓ આમોદ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા જતાં તેમને જાણવા મળ્યું હતું કે, પોલીસે રાત્રીના સમયે પેટ્રોલિંગ વેળાં એક પીકઅપમાં ટપકપદ્ધતિની નળીયોના બંડલ લઈને જતાં મોહસીન વલી પટેલ (રહે.નુરાની પાર્ક, આછોદ રોડ, આમોદ)ને ઝડપી પાડ્યો હતો. તેમણે તપાસ કરતાં તેણે ચોરેલો સામાન તેમનો જ હતો. જેથી તેમણે આમોદ પોલીસ મથકે તેમના અંદાજે 66 હજારના સામાનની ચોરી અંગેની ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. ખેડૂતો એક તરફ કુદરતી આફતોનો સામનો કરી રહયાં છે તો બીજી તરફ તેમના ખેતરોમાંથી સાધનો ચોરાઈ રહયાં હોવાના કારણે તેમની હાલત પડતા પર પાટુ મારવા જેવી બની ચુકી છે.